# શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી

## માઉન્ટ કાર્મેલ સ્કૂલ



સેકટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ૭૩મા સ્વાતંત્ર્યદિનની ઊજવણીમાં મુખ્ય અતિથિ તરીકે શાળાનાં વરિષ્ઠ શિક્ષિકા ચારુલતા ગોહેલ અને દીપ્તિ હજારનીસે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્યની ભાવના ઉજાગર કરવા સ્વાતંત્ર્યદિનને આધારિત દેશભક્તિ ગીત તથા શાળાની વિદ્યાર્થીની વિધિ ગઢવીએ સ્વાતંત્ર્ય દિનને આધારિત વકતવ્ય આપ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં કુલપતિ હર્ષદભાઈ શાહ, ભાગ્યેશભાઈ જ્હા, વી સંથાનમ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થિની વૃંદા ઠાકોરે ધ્વજારોહણ માટે તેમને ઍસ્કોર્ટ કર્યા હતા. કુલસચિવ ડૉ. અશોકભાઈ ઍન પ્રજાપતિએ સૌને ૭૩મા સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

## જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય



જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટીઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ




રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રંગોલી ગૃપના ચેરમેન પ્રહર અંજારિયા, ડિરેક્ટર અને આચાર્ય અનામિકા અંજારિયા, ટ્રસ્ટી પ્રણવ સોનીના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ થીમ આધારિત સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શાળામાં આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ૨૫૦ જેટલાં રોપાનું આરોપણ આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પટાંગણમાં રાષ્ટ્રધ્વજ શાળાના Helping Staff દ્વારા ફરકાવવામાં આવેલ હતો. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીત અને રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.

## રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ



રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, સરગાસણ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે શાળા મેનેજમેન્ટ, શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ સૌને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

## સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી



સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી પરીવારના વરિષ્ઠ સભ્ય કિર્તીભાઈ એમ દવેના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ખેલકૂદના વિવિધ કરતબો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સ્વાભિમાની અને સ્વાવલંબી સ્વચ્છ ભારતના દર્શન કરાવાયાં હતાં.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં “અવર કિડ્સ અવર નેશન” કાર્યક્રમ ઉજવાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ઍસ કે સ્કૂલ, ફ્લેગ, નૅશનલ સિમ્બોલની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ




ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે શાળા પરિવાર દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે શાળા પરિવારના ટ્રસ્ટી નિલેષભાઈ અને કિનાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# બી.એ.એમ.એસ. ડિગ્રી વિષે માહિતી આપશો



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. બી.એ.એમ.એસ ડિગ્રી વિષે માહિતી આપશો.**

**- કેતન પ્રજાપતિ, ગાંધીનગર**

બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ) તબીબી ક્ષેત્રે સંકલિત ભારતીય ડિગ્રી છે. આ ડિગ્રી પ્રોગ્રામ એ એવા વિદ્યાર્થીઓને અપાય છે જેઓ આધુનિક દવાઓ અને પરંપરાગત આયુર્વેદનો અભ્યાસ કરે છે. આયુર્વેદ વિશ્વની પ્રાચીન તબીબી પદ્ધતિઓમાંની એક છે. તે તેની મૂળ વેદિક અવધિ તરફ દર્શાવે છે બી.એમ.એસ. (આયુર્વેદિક દવા અને સર્જરીનો સ્નાતક) એ આયુર્વેદિક દવા અને શસ્ત્રક્રિયા પ્રણાલીની શરૂઆતની ડિગ્રી છે, આયુર્વેદિક દવા અને સર્જરી (બે.એમ.એ.એસ.)ની બેચલર આયુર્વેદિક પદ્ધતિમાં સ્નાતક ડિગ્રી કોર્સ છે. આ ડિગ્રી ૫ વર્ષ અને ૬




મહિનાની ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે જેમાં ૪ અને ૧/૨ વર્ષના શૈક્ષણિક સત્ર અને જીવંત વ્યવહાર સાથે એક વર્ષનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. યુ.જી.(અન્ડર ગ્રેજ્યુએટ) ડિગ્રી કોર્સને પ્રત્યેક ૧.૫ વર્ષના ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગો ત્રણ વ્યાવસાયિક અભ્યાસક્રમો તરીકે ઓળખાય છે. પ્રથમ વ્યવસાયિક કોર્સમાં વિદ્યાર્થીઓને આયુર્વેદિક પદ્ધતિના શરીરરચના, શરીરવિજ્ઞાન અને ઈતિહાસ વિશે શીખવવામાં આવે છે. બીજા કોર્સમાં તેઓને ઝેરી વિજ્ઞાન અને ફાર્માકોલોજી વિશે શીખવવામાં આવે છે અને અંતિમ કોર્સમાં શસ્ત્રક્રિયા, ઈ.એન.ટી., ત્વચા, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન શામેલ છે.આપ હાલ ૧૨ સાયન્સ માં છો તો બરાબર મેહનત કરી ને સારા માર્કસ લાવી આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. હાલમાં આયુર્વેદિક દવાઓ અને સારવારની માંગ ખૂબ વધી છે. વધુમાં લોકોનો તેના પર વિશ્વાસ પણ ખૂબ વધ્યો છે. લોકો વિદેશોમાંથી ભારત આયુર્વેદિક સારવાર લેવા સ્પેશિયલ આવતા થયા છે. ભારત સરકાર દ્વારા પણ ખાસ આયુષ નામક મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આવી વૈકલ્પિક ઉપચારની પદ્ધતિઓને પ્રોત્સાહન મળે. તેથી આ ક્ષેત્રે એક ઉજ્જવળ ભવિષ્ય ચોક્કસ બની શકે છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૨. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહ્યો છું. હું હાલ ધોરણ ૧૨ સાયન્સના ટ્યૂશન અને જે.ઈ.ઈ.ના ક્લાસ કરી રહ્યો છું.અને મારે એમ.બી.એ માટે ની આઈ.પી.એમ પણ આપવાની છે.હું અત્યારે થોડું પ્રેશર અનુભવું છું. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે કરવું તેના વિષે માર્ગદર્શન આપવા વિનંતી.**

**- રોહિત પરમાર,ગાંધીનગર**

રોહિત, તમારી તમારા કરિયર વિષેની જાગૃતતા જોઈને ઘણો આનંદ થાય છે. સૌપ્રથમ, તમે જણાવેલી સમસ્યા તમારા એકલાની નથી. તમારા જેવા લાખો વિદ્યાર્થીઓ જે ૧૨માં ધોરણની પરીક્ષા આપી રહ્યા હોય છે તેમને આ જ સવાલ છે. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે કરવું? આનો જવાબ ખૂબ સરળ છે. અને તે છે “ધ્યેય”. તમારો ધ્યેય નક્કી કરો. તમારે શું કરવું છે કરિયરમાં. શું તમારે એંજીનિયર બનવું છે આઈ.આઈ.ટી.માં થી? શું તમારે ૧૨માં પછી આઈ.આઈ.એમ.માં જવું છે? શું તમારે વિદેશ જવું છે? જે પણ તમારો ધ્યેય હોય તે નક્કી કરો. તે નક્કી કર્યા પછી તમારા દિવસનો મોટાભાગનો સમય



તમારા ધ્યેય સુધી પોહચવામાં લગાવી દો. સ્કૂલમાં જે ભણાવતા હોય તેના પર ધ્યાન આપો. ત્યાં ભણી લેશો, તો ટ્યૂશનની જરૂર ઓછી પડશે અને તમારો ટીમે બચશે. સ્કૂલ સમય સિવાયના સમયમાં તમારા ધ્યેય તરફ આગળ વધો. દરેક વિષય નું પ્લાનિંગ કરો. જેમ કે દિવસનો કેટલો સમય તમે રસાયણ વિજ્ઞાનને આપશો, કેટલો ગણિતને આપશો, અને આવી જ રીતે બધા વિષયો વાંચવાનું એક પ્લાનિંગ કરો. અઠવાડીયામાં કેટલા ચેપ્ટર પૂરા કરશો તેનું પણ પ્લાનિંગ કરો. આવું કરવાથી તમારી તૈયારી એક ચોક્કસ દિશામાં થશે અને તમને તમારા ધ્યેય તરફ આગળ વધારશે. જે પ્લાનિંગ કરો એમાં થોડો સમય અડધો કલાક જેટલો, થોડા-થોડા અંતરે, તમે રિલેક્સ અને ફ્રેશ રહો એના માટે પણ ફાળવજો. અને આ બધા ટાઈમ મેનેજમેંટનો કોઈ મતલબ નહીં રહે જો તમે તમારા પ્લાનિંગને અમલમાં નહીં મૂકો! એક નિયમ બનાવી લેજો, જ્યાં સુધી દિવસનું નક્કી કરેલું કામ પૂરું ના થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનુ. આ રીતે તમારો ટાઈમ ખૂબ સારી રીતે મેનેજ થશે અને તમે તમારા ધ્યેય ને સરળતાથી પ્રાપ્ત કરી શકશો. એટલું જરૂર યાદ રાખજો કે જો તમે મક્કમ હોવ, તો કોઈપણ વસ્તુ અશક્ય નથી અને પ્લાનિંગ સાથે કોઈ પ્રેશર નથી! વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૩. હું અત્યારે હાલમાં ગ્રેજ્યુએશન કરી રહી છુ. હવે વિદેશમાં આગળ અભ્યાસ કરવો કે ભારતમાં સરકારી નોકરી માટે પ્રયાસ કરવો તેમાં મૂંઝવણ છે. અને જો વિદેશમાં ભણવું હોય તો કઈ પરીક્ષા આપવી પડશે? માર્ગદર્શન આપવા વિનંતી.**

**- નિકિતા ગાંધી, કલોલ**

નિકિતા, તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા



માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઈ.ઈ.એલ.ટી.એસ., ટી.ઑ.ઈ.એફ.એલ., એસ.એ.ટી., જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www.facebook.com/questions.careercroner

# કાળો કાંઠલો

અદાલતોનું ચિહ્ન ત્રાજવું છે. તેને ઝાલનાર એક નિષ્પક્ષપાતી, આંધળી પણ ડાહી ડોસી છે. તેને વિધિએ આંધળી ઘડી છે, જેથી તે મોં જોઈને ટીલું ન કરે, પણ જે ગુણે યોગ્ય હોય તેને જ ટીલું કરે. આથી ઊલટું, નાતાલની અદાલત પાસે તો મોં જોઈને ટીલું કરાવવા ત્યાંની વકીલ-સભા નીકળી પડી હતી. અદાલતે આ પ્રસંગે પોતાના ચિહ્નને શોભાવ્યું.

મારે વકીલાતની સનદ લેવાની હતી. મારી પાસે મુંબઈની વડી અદાલતનું પ્રમાણપત્ર હતું. વિલાયતનું મુંબઈની અદાલતે દફતરે હતું. દાખલ થવાની અરજીની સાથે સારા વર્તનનાં બે પ્રમાણપત્રોની જરૂર ગણાતી. મેં ધાર્યું કે આ પ્રમાણપત્ર ગોરાઓનાં હશે તો ઠીક ગણાશે, તેથી અબદુલ્લા શેઠની મારફતે મારા સંબંધમાં આવેલા બે પ્રસિદ્ધ ગોરા વેપારીનાં પ્રમાણપત્રો લીધાં હતાં. અરજી કોઈ વકીલ મારફત થવી જોઈએ, ને સામાન્ય નિયમ એ હતો કે આવી અરજી એટર્ની-જનરલ વગર ફીએ કરે. મિ.એસ્કંબ એટર્ની-જનરલ હતા. અબ્દુલ્લા શેઠના તે વકીલ હતા એ તો આપણે જાણીએ છીએ. તેમને હું મળ્યો ને તેમણે ખુશીથી મારી અરજી રજૂ કરવાનું સ્વીકાર્યું.

એવામાં ઓચિંતી વકીલસભા તરફથી મને નોટિસ મળી. નોટિસમાં મારા દાખલ થવા સામે વિરોધ ઉઠાવવામાં આવ્યો હતો. એમાં એક કારણ એ બતાવ્યું હતું કે મેં વકીલાત સારુ કરેલી અરજી સાથે અસલ પ્રમાણપત્ર જોડ્યું નહોતું. પણ વિરોધનો મુખ્ય મુદ્દો એ હતો કે, અદાલતમાં વકીલોને દાખલ કરવાના ધારા ઘડાયા ત્યારે કોઈ પણ કાળો કે પીળો માણસ અરજી કરે એવો સંભવ પણ માનવામાં ન આવેલો હોવો જોઈએ; નાતાલ ગોરાઓના સાહસથી બનેલું હતું ને તેથી તેમાં ગોરાઓને જ પ્રધાનપદ હોવું જોઈએ. જો કાળા વકીલ દાખલ થાય તો ધીમે ધીમે ગોરાઓનું પ્રધાનપદ જાય ને તેમની રક્ષાની વાડ ભાંગી પડે.

150 ગાંધીયાત્રા

આ વિરોધની હિમાયત કરવા વકીલસભાએ એક પ્રખ્યાત વકીલને રોક્યા હતા. આ વકીલને પણ દાદા અબદુલ્લા સાથે સંબંધ હતો. તેમની મારફતે તેમણે મને બોલાવ્યો. તેમણે મારી સાથે નિખાલસપણે વાત કરી. તેમણે મારો ઈતિહાસ પૂછ્યો. મેં તે આપ્યો. પછી તે બોલ્યા :

‘મારે તો તમારી સામે કાંઈ કહેવાનું નથી. મને ભય એ હતો કે રખેને તમે અહીં જન્મેલા કોઈ ધૂર્ત હો! વળી તમારી પાસે અસલ પ્રમાણપત્ર નથી. તેથી મારા શકને ટેકો મળ્યો. એવા પણ માણસ પડ્યા છે જે પારકાં પ્રમાણપત્રોનો ઉપયોગ અ કરે છે. તમે ગોરાઓનાં પ્રમાણપત્ર રજૂ કર્યાં છે તેની મારા ઉપર અસર નથી થઈ. તેઓ તમને શું જાણે? તમારી સાથે તેઓની ઓળખાણ કેટલી?‘

‘પણ અહીં તો મને બધા જ નવા છે. અબદુલ્લા શેઠે પણ મને તો અહીં જ ઓળખ્યો.‘ હું વચ્ચે બોલ્યો. ‘હા, પણ તમે તો કહો છો કે એ તમારા ગામના છે. અને તમારા બાપ ત્યાંના દીવાન હતા તેથી તે તમારા કુટુંબને તો ઓળખે જ ના? (ક્રમશઃ)

**‘સત્યના પ્રયોગો’માંથી સાભાર**